## પ્રભુના પ્રાગટ્યને માણીએ...
## ચાલો,
## 'સાહેબ' પ્રગટાવીએ !



**એપ્રિલ** માસની ૧૦મી તારીખ, અને ભારતીય તિથિ ગણનાનુસાર ચૈત્ર માસના શુક્લ પક્ષની નવમી આપણા સ્વામિનારાયણ સત્સંગના શ્રદ્ધાળુ અનુયાયીઓ માટે આપણા જીવનઉત્સવોનો તથા આ પૃથ્વીના મહાનતમ્ માંગલ્યનો પવિત્રતમ્ ઉમંગ-આનંદનો દિવસ ! વિક્રમ સંવત ૧૮૩૭, ઇ.સ. ૧૭૮૧માં અવધ પ્રદેશના છપૈયા ગામમાં શ્રી હરિ, શ્રી કૃષ્ણ અને શ્રી હરિકૃષ્ણરૂપે મનુષ્યદેહ ધારી સ્વયં પરાત્પર પૂર્ણ પુરુષોત્તમ નારાયણના દિવ્ય તત્ત્વએ આ પૃથ્વીને અને સવિશેષ ગૌરવશાળી ભારતવર્ષના તીર્થત્વને પોતાની અસીમ કૃપાશિષ દ્વારા પવિત્રતમ્ બનાવ્યું !

ભારત તો પુણ્યભૂમિ ! શ્રી હરિના પ્રાગટ્ય પૂર્વે પણ અનેક દિવ્ય અવતારો, સંતો અને દિવ્યાત્માઓની જન્મ ને કર્મભૂમિ ! આપણને આ પુણ્યભૂમિ પર સંસ્કારસંપન્ન માતા-પિતાને ત્યાં મનુષ્યજન્મ પ્રાપ્ત થયો અને આપણે સર્વાંગે યોગ-ક્ષેમની સ્વસ્થતા ને સુખ ભોગવીએ છીએ, આ હકીકત જ એ વાતનું પ્રમાણ છે કે, આપણા અનેક જન્મોનાં પુણ્યકર્મોનાં ફળ આપણને પ્રભુકૃપાએ આ જન્મે પ્રાપ્ત થઈ રહ્યાં છે. અને, તેથી જ, સંતોએ માનવ અવતારનો મોટો મહિમા ગાયો છે.

આ પૃથ્વી પર પ્રભુ શ્રી હરિના પ્રાગટ્ય દિવસનો મહિમા ને માહાત્મ્ય તો અપાર છે ! પ્રભુના પ્રાગટ્યની એ દિવ્ય ઘડીથી શ્રીહરિની અનંત લીલાઓ, દિવ્ય મહાપ્રદાનો, અનુપમ સર્જનો અને અક્ષરાતીત શુદ્ધ ઉપાસના જ્ઞાન-દર્શનની એ ગાથા; આ પૃથ્વીનાં સર્વ જીવ-પ્રાણીમાત્રના કલ્યાણની ગાથા છે. માટે શ્રી હરિ નોમ - ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રાગટ્યમંગલ દિન, આપણા સૌના જીવનનો સર્વોપરી ઉત્સવ છે.

છતાં, હું કહીશ કે એ મહાદિવ્ય દિવસ - જ્યારે પ્રભુ શ્રી સહજાનંદ સ્વામી મહારાજે આ પૃથ્વી પર મનુષ્યદેહને ધારણ કરી પોતાના તત્ત્વને ગુણાતીત સાધુ રૂપે અખંડ શાશ્વતકાળ પર્યંત પ્રગટ રાખશે એવાં અભૂતપૂર્વ પરમ અભય વચનાશિષ આપ્યાં - એ દિવસ આ પૃથ્વી ઉપર મનુષ્ય મુમુક્ષુઓની અપ્રતિમ આધ્યાત્મિક ઉત્ક્રાંતિનો દ્યોતક દિવસ હતો.

આપણી શ્રદ્ધા જીવંત અને મહાતેજોમયી અનુભૂતિઓ રૂપે આપણને પ્રભુના પ્રગટપણાના દરરોજ સાક્ષાત્કાર કરાવી રહી છે; આપણા જીવનને અને સાધનાને સરળ, આનંદસભર અને જીવંત ઊર્ધ્વયાત્રા બનાવી રહી છે !

આ પૃથ્વીના ધરાતલ પર કેવળ અનાયાસ પ્રભુની અપાર કૃપાના ફળસ્વરૂપે સ્વયં શ્રીજી મહારાજ - પરાત્પર પૂર્ણ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણના અક્ષરાતીત તત્ત્વએ આ પૃથ્વી પર માનવરૂપે ગુણાતીત સાધુ દ્વારા પ્રગટ રહેવાના આપેલાં અભય વરદાન એ આ પૃથ્વીના અસ્તિત્વના ઇતિહાસની મહાદિવ્ય આધ્યાત્મિક ઘટના હતી ! આ અભૂતપૂર્વ દિવ્ય વરદાનના તાત્પર્યરૂપે આપણે અક્ષર અને પુરુષોત્તમના યુગલ અદ્વૈત તત્ત્વના સાંગોપાંગ ધારક અનેક ગુણાતીત સત્પુરુષોનાં સાંનિધ્ય, સેવા, સમાગમ ને સત્સંગ પામ્યા; આજે પણ પામી રહ્યા છીએ - ગુરુહરિ સંતભગવંત સાહેબજી સ્વરૂપે !

તેથી, ૧૦મી એપ્રિલ કે ચૈત્ર સુદી નવમી એ કોઈ એક જ વિશેષ દિવસનો ઉત્સવ નથી; એ તો સાધકના જીવનની પ્રતિપળે ઉજવાતો અખંડ શાશ્વત ઉત્સવ છે - જ્યાં એક સાધક શ્રીજી મહારાજના વરદાનના સાકારરૂપ અક્ષર-પુરુષોત્તમના અદ્વૈત તત્ત્વને સંતભગવંત સાહેબજી રૂપે પોતાના અંતરાત્મામાં અનુભવે છે, અને જીવનની પ્રતિ ક્ષણ જીવ-પ્રાણીમાત્રમાં પ્રેરક-પ્રવર્તકરૂપે તેમના પ્રાગટ્યની લીલાના ઉત્સવ ઊજવે છે !

પ્રભુ સદાય પ્રગટ છે તેનો અર્થ એ થાય કે, આપણા જીવનની ગમતી-અણગમતી ઘટમાળને જો આપણે સાકાર અને પ્રગટ પ્રભુની લીલાઓના ઉત્સવ રૂપે જોઈ, જાણી, સ્વીકારી અને માણી શકીએ, તો પ્રભુની સર્વોપરિતા અને આશરાનો દૃઢ સ્વીકાર થતાં, આપણા જીવનના ઉદ્વેગ શમી જાય, સહુ સદાય નિર્દોષ મનાય અને સર્વત્ર સૌમાં બિરાજતા પ્રભુની સ્વધર્મેયુક્ત ગુરુવચને માહાત્મ્યસભર સેવાના ઉમંગ આનંદ અનુભવાય !

તો, આ હરિનોમના ઉત્સવે ઉપવાસનાં તપફળ, કીર્તન-ભક્તિનાં જપબળ અને અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં આત્મબળના સંયોગ-સમન્વયે ચાલો, સર્વત્ર સદૈવ પ્રભુના પ્રાગટ્યને માણીએ, ચાલો, 'સાહેબ' પ્રગટાવીએ ! ◆

~ સાધુ મનોજદાસજી